647510 **0701259E4081** **Seat No :________**

# B.R.S. Semester - 2 (*CBCS*) Examination
# June/July-2022 [OLD COURSE]
# GUJARATI(ELECTIVE-8)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**
1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન.૧ ગદ્યખંડનું વિવરણ કરતી વખતે કઈ-કઈ બાબતોને ધ્યાનમાં લેવી જોઈએ-એ વિશે વિગતે ચર્ચા કરો. (૧૫)

અથવા

પ્રશ્ન.૧ નીચેનાં ગદ્યખંડનું વિવરણ કરો.

મનુષ્ય માત્રનો પોતાનો પાડોશી પ્રત્યેનો પહેલો ધર્મ છે. એમાં પરદેશીનો દ્વેષ નથી અથવા સ્વદેશીનો પક્ષપાત નથી. શરીરધારીની સેવા કરવાની શક્તિને મર્યાદા છે. એ પોતાના પાડોશીને મુશ્કેલીથી પહોંચી શકે છે. પોતાના પાડોશી પ્રત્યેનો ધર્મ સહુ બરાબર પાળે તો જગતમાં કોઈ મદદ વિના દુ:ખી ન થાય. પાડોશીની સેવા કરનાર આખા જગતની સેવા કરે છે એમ જ કહી શકાય. જે સારો ને સાચો, સદ્ભાવીને સહદયી પાડોશી ન બની શકે તે સારો માણસ તો ક્યાંથી બની શકે? જગતનાં તમામ ધર્મ ધિક્કારનો વિરોધ કરે છે. પ્રેમનો મહિમા કરે છે. ધિક્કાર તો ધરતીકંપ કરતાંય ખરાબ છે. શું આપણે કોઈને ધિક્કારીને આપણા બનાવી શકીએ? ના એમાં કોઈ સમાજ, રાષ્ટ્ર કે માનવજાતનું ભલું નથી જ નથી ચાલો? સહુને પ્રેમથી સ્વીકારતા શીખીએ. એ જ શિક્ષિત સમાજમાં સંસ્કાર કહેવાય.

પ્રશ્ન.૨ સંક્ષેપીકરણ એટલે શું? કોઈપણ ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરતી વખતે કઈ કઈ બાબતોને ધ્યાને રાખવી જોઈએ- વિગતે લખો. (૧૫)

અથવા

પ્રશ્ન.૨ નીચેનાં ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો.

'પ્રાર્થના એ એક રીતે તો હૃદયનું સ્નાન છે. આત્માનો ખોરાક છે. પ્રાર્થનાનાં વાતાવરણમાં જો આપણે તલ્લીન થઈ શક્યા તો માનો કે આપણાં કુવિચારો કે નકારાત્મક કલણો ઓછાં થવાના જ હૃદયને મલિનતા ગમતી જ નથી. શુભ અને મંગલ સંકલ્પનાનો પૂંજ છે હૃદય. પ્રાર્થના કાંઈ માંગવા માટે નથી કે કોઈને કાંઈ આપી દેવા માટે નથી. પણ ભીતરનાં સંસ્કારને સમજવાની ને સદભાવની સરવાણીનાં અમીરઝરણાં પીવાની પવિત્ર ક્રિયા છે. પોતાની જાત સાથે જ આત્મિયતા કેળવવાની કલા છે પ્રાર્થના. આત્મનિરીક્ષણ અને આત્મપૃથ્થકરણ કરીને પોતાની જ જાતનો હિસાબ-કિતાબ માટે પ્રાર્થના શુભ સાધના છે, શુધ્ધ સાધના છે.પ્રાર્થનામાં સકારાત્મક ઉર્જા કે ચેતના જગાડવાની શક્તિ છે, સામથ્ય છે. પ્રાર્થના તો માનવજાતની માણસાઈનાં દીવડા પેટાવવાની મોંઘેરી મૂડી છે.'

પ્રશ્ન.3 નીચેનામાંથી કોઈપણ ત્રણ સમાસ સમજાવો. (૧૫)

1. બહુવ્રીહિ સમાસ.
2. કર્મધારય સમાસ.
3. દ્વન્દ્વ સમાસ.
4. તત્પુરુષ સમાસ.
5. ઉપપદ સમાસ.

પ્રશ્ન.૪ ગુજરાતી ભાષાનાં સત્વ-સૌંદર્યમાં અર્થસભરતા માટે વપરાતા મહત્વનાં ચિન્હોની વિગતો આપી, પૂર્ણવિરામ, ઉદગારવાચક, અલ્પવિરામનું મહત્વ સમજાવો. (૧૫)

અથવા

પ્રશ્ન.૪ અર્ધવિરામ, ગુરૂવિરામ, પ્રશ્નાર્થચિન્હ વગેરેનું ભાષા અને અર્થવૈભવમાં સ્થાન અને મહત્વને સમજાવો.

પ્રશ્ન.૫ નીચેનામાંથી રૂઢિપ્રયોગોનાં અર્થ સમજાવી, વાક્યમાં તેનો પ્રયોગ કરો. (૧૦)

1. આંખ લાલ કરવી.
2. કાન ભંભેરણી કરવી.
3. તાગડધિન્ના કરવા.
4. ઉડતાં પંખી પાડવા.
5. કોઈનો હાથો બનવું.

અથવા

પ્રશ્ન.૫ નીચેની કહેવતોનો અર્થ સમજાવો.

1. ધોળું એટલું દૂધ નહિ.
2. નકરો બેઠો નખ્ખોદ વાળે.
3. ભેંસ આગળ ભાગવત શું કામની?
4. મીઠાં ઝાડનાં મૂળ ન ખોદાય.
5. આગ લાગે ત્યારે કૂવો ખોદવો.

**********************************